ઉધનાથી 12 કલાકમાં 30 હજાર મુસાફરો રવાના



(તસવીર : સતીષ જાદવ)

19 એપ્રિલના 21 હજારના રેકોર્ડને તોડ્યો

રાત્રે 3.25 વાગ્યે સ્પેશિયલ ટ્રેન દોડાવી પડી

સુરત : દિવાળી અને છઠ પર ઘરે જતા મુસાફરોની ભીડ વચ્ચે ઉધના રેલવે સ્ટેશને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. 31 ઓક્ટોબરની રાત્રે 10:40 વાગ્યાથી 1 નવેમ્બરની સવારે 11 વાગ્યા સુધી લગભગ 12 કલાકના ગાળામાં ઉધના સ્ટેશનથી લગભગ 30 હજાર મુસાફરો અલગ-અલગ ટ્રેનોમાં સવાર થઈને તેમના ગંતવ્ય સ્થળે રવાના થયા. તહેવારોની સિઝનમાં આટલા ઓછા સમયમાં આટલી મોટી સંખ્યામાં મુસાફરોના રવાના થવાનો આ પહેલો કિસ્સો છે. આ પહેલા આ જ વર્ષે 19 એપ્રિલે એક દિવસમાં કુલ 21 હજાર મુસાફરો રવાના થયા હતા.

મુસાફરોની ભારે ભીડને જોતા પશ્ચિમ રેલવેએ નિયમિત ટ્રેનો ઉપરાંત છ વિશેષ ટ્રેનો ચલાવી હતી. જ્યારે ત્રણ નિયમિત ટ્રેનો દ્વારા પણ હજારો મુસાફરોએ મુસાફરી કરી હતી.



શનિવાર રાત્રે હસનપુર જનારી ટ્રેનથી મુસાફરોની રવાનગીનો સિલસિલો શરૂ થયો હતો. ત્યારબાદ રાતભર અને રવિવાર સવાર સુધી પ્લેટફોર્મ નંબર-6 પર ઉત્તર પ્રદેશ અને બિહાર જનારા મુસાફરોની ભીડ જોવા મળી હતી. જયનગર માટે અંત્યોદય એક્સપ્રેસ ઉપરાંત ત્રણ વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી હતી. જેમાં રાત્રે 3:25 વાગ્યે રવાના થયેલી એક એવી વિશેષ ટ્રેન પણ સામેલ હતી, જે પહેલાથી નોટિફાઈડ નહોતી. મુસાફરોની વધતી ભીડને જોતા રેલ પ્રશાસને તાત્કાલિક નિર્ણય લઈને તેનું સંચાલન કર્યું હતું.

સુરક્ષા માટે ચુસ્ત બંદોબસ્ત

31 ઓક્ટોબરે ત્રણ શિફ્ટમાં કુલ 37 ચેકિંગ સ્ટાફે ડ્યુટી કરી હતી. જેમાં સવારની શિફ્ટમાં 8, સાંજની શિફ્ટમાં 8 અને રાત્રિની શિફ્ટમાં 21 કર્મચારીઓ સામેલ હતા. 1 નવેમ્બરે પણ 30 ચેકિંગ સ્ટાફ તૈનાત રહ્યા હતા.

» 300 RPF-GRP જવાન
» 30 ચેકિંગ સ્ટાફ
» 6 મંડળના ઉચ્ચ અધિકારી
» 3 એમ્બ્યુલન્સ મેડિકલ ટીમ
» 13 વધારાની ટિકિટ વિન્ડો

ખાસ વાત એ રહી કે તાપ્તી ગંગા એક્સપ્રેસ રવાના થયા બાદ સવારે 11:30 વાગ્યે જયનગર માટે પ્રસ્તાવિત વિશેષ ટ્રેન સુધી હોલ્ડિંગ એરિયામાં હાજર મુસાફરોને પણ વિશેષ ટ્રેનો દ્વારા રવાના કરી દેવામાં આવ્યા હતા.

ટ્રેનો મુજબ મુસાફરોની સંખ્યા

» 09041 ઉધના-હસનપુર સ્પેશિયલ: 31 ઓક્ટો, રાત્રે 10:40, પ્લે. 6 - 3,500 થી 3,800 મુસાફરો
» 04168 ઉધના-કાનપુર: 31 ઓક્ટો, રાત્રે 11:20, પ્લે. 4 - 1,300 થી 1,400
» 09045 ઉધના-મધુબની સ્પેશિયલ: 1 નવે, રાત્રે 1 વાગ્યે, પ્લે. 6 - 3,200 થી 3,500
» 09047 ઉધના-જયનગર સ્પેશિયલ: 1 નવે, રાત્રે 3:25, પ્લે. 6 - 3,400 થી 3,600
» 09073 ઉધના-જયનગર સ્પેશિયલ: 1 નવે, સવારે 5:55, પ્લે. 6 - 4,000 થી 4,200
» 19021 ઉધના-બ્રહ્મપુર અમૃત ભારત: 1 નવે, સવારે 7:10, પ્લે. 3 - 1,700 થી 1,800
» 22564 ઉધના-જયનગર અંત્યોદય: 1 નવે, સવારે 8:35, પ્લે. 6 - 4,200 થી 4,300
» 19045 ઉધના-થાવે તાપ્તી ગંગા: 1 નવે, સવારે 10:20, પ્લે. 6 - 2,300 થી 2,400
» 09071 ઉધના-જયનગર સ્પેશિયલ: 1 નવે, પ્લે. 6 - 4,000 થી 4,200

DRM એ સ્ટેશન પર રહી સંભાળી વ્યવસ્થા

ભીડ પ્રબંધન અને મુસાફરોની સુવિધાનો તાગ મેળવવા માટે મુંબઈ મંડળના DRM પંકજ સિંહ વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉધના સ્ટેશન પર હાજર રહ્યા હતા. તેમણે સ્ટેશનની વ્યવસ્થાઓ પર નજર રાખી અને મુસાફરો સાથે વાતચીત કરીને સુવિધાઓ અંગે ફીડબેક લીધો હતો.

રાજકોટની હોટલમાં હાઈપ્રોફાઈલ દારૂ પાર્ટી પર પોલીસનો દરોડો

ડેકોરા ગ્રુપના બિલ્ડર ચિરાગ પટેલની જન્મદિવસની પાર્ટીમાં 33 યુવતીઓ સહિત 97 લોકોની હાજરી

38 સામે ગુનો, 11 દારૂની બોટલો અને હુક્કા જપ્ત

ધારાસભ્યના કૌટુંબિક ભાઈ સહિત વગદાર લોકોનાં નામ સામે આવ્યાં

ગાંધીનગર: દારૂબંધીના કાયદાના અમલની વાતો વચ્ચે રાજકોટના પોશ વિસ્તાર કાલાવડ રોડ પર આવેલી સરાઝા હોટેલમાં જાણે દારૂબંધીના લીરેલીરા ઉડતા હોય તેવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ડેકોરા બિલ્ડર ગ્રુપ સાથે સંકળાયેલા ચિરાગ પટેલની જન્મદિવસની ઉજવણીના નામે યોજાયેલી હાઈપ્રોફાઈલ પાર્ટીમાં દારૂ અને હુક્કાની મહેફિલ જામતી હતી, તો બીજી તરફ ઓડી, બીએમડબલ્યુ અને મર્સિડીઝ જેવી મોંઘીદાટ કારોના કાફલાએ પાર્ટીની હાઈપ્રોફાઈલ ઓળખ છતી કરી દીધી હતી. એલસીબીની ટીમે મોડી રાત્રે દરોડો પાડતાં 33 યુવતીઓ અને 43 પુરુષો સહિત મોટી સંખ્યામાં લોકોની હાજરી સામે આવી હતી. પોલીસે 11 દારૂની બોટલો અને હુક્કા જપ્ત કર્યા, 92થી વધુ લોકોનાં બ્લડ સેમ્પલ લેવાયાં અને અંતે 38 વ્યક્તિઓ સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. પરંતુ આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ ચોંકાવનારો વળાંક પોલીસ સ્ટેશનમાં જોવા મળ્યો હોવાના આક્ષેપો છે. વગદાર આરોપીઓને કપડાં બદલાવી પાછળના દરવાજેથી બહાર મોકલાયા, મીડિયાકર્મીઓ સાથે ધક્કામુક્કી થઈ અને હવે લક્ઝરી કારોના વીમા તથા નંબર પ્લેટ અંગે પણ સવાલો ઊઠ્યા છે. આમ, રાજકોટની આ એક પાર્ટીએ માત્ર દારૂબંધીના અમલની પોલ જ ખોલી નથી, પરંતુ કાયદો સામાન્ય નાગરિક માટે અલગ અને વગદારો માટે અલગ છે કે કેમ તેવો ગંભીર સવાલ પણ ઊભો કર્યો છે.

રાજકોટના કાલાવડ રોડ પર આવેલી જાણીતી સરાઝા હોટેલના બેન્કવેટ હોલમાં ડેકોરા ગ્રુપ સાથે સંકળાયેલા ચિરાગ અરવિંદભાઈ પટેલના 39મા જન્મદિવસ નિમિત્તે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ અને મોરબીના બિલ્ડરો, ઉદ્યોગપતિઓ, તબીબો અને તેમના પરિવારજનો સહિતના હાઈપ્રોફાઈલ મહેમાનો આ પાર્ટીમાં ઉપસ્થિત રહ્યા હતા. મોડી રાત્રે દારૂની મહેફિલ ચાલતી હોવાની બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડતાં પાર્ટીમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂ અને સ્કોચ વ્હિસ્કીની બોટલો સહિત કુલ 11 બોટલો તેમજ બીયરના કેન અને હુક્કા મળી આવ્યા હતા.

દિવાળી-છઠની ભીડને પગલે નિર્ણય

6 સ્ટેશન પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર પ્રતિબંધ

UTS કાઉન્ટર, ATVM અને એપ પણ બંધ

સુરત : મુંબઈ મંડળ સહિતના મુખ્ય સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર અસ્થાયી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્યાલયથી જારી કરાયેલા આદેશ (નં. C 548/9/Platform) મુજબ, 1 નવેમ્બર 2026 ના 00:00 કલાકથી 15 નવેમ્બર 2026 ના 23:59 કલાક સુધી કુલ 6 સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ રહેશે.

ક્યા સ્ટેશનો પર પ્રતિબંધ?

» BDTS બાંદ્રા ટર્મિનસ
» VAPI વાપી
» BL વલસાડ
» UDN ઉધના
» ST સુરત
» BHET ભેસ્તાન (સુરત)

શા માટે નિર્ણય લેવાયો?

મુંબઈ મંડળના DCM (PM) અનન્યા કીર્તિ દ્વારા 28 ઓક્ટોબરે મોકલાયેલી દરખાસ્તમાં જણાવાયું હતું કે દિવાળી અને છઠ દરમિયાન આ સ્ટેશનો પર ભારે ભીડની આશંકા છે. પ્લેટફોર્મ પર વગર મુસાફરીએ આવતા લોકોની હાજરીથી બિનજરૂરી ભીડ વધે છે, જેનાથી ઓપરેશનલ કાર્યક્ષમતા અને મુસાફરોની સુરક્ષા પર અસર પડે છે. આ નિર્ણય રેલવે બોર્ડના કોમર્શિયલ સર્ક્યુલર નં. 57/2013 (તા. 16.09.2013) ની જોગવાઈ મુજબ લેવાયો છે અને તેને PCCM/WR દ્વારા મંજૂરી આપવામાં આવી છે. રેલવે તંત્રએ જણાવ્યું કે આ પ્રતિબંધથી સાચા મુસાફરોની સુરક્ષિત અને સરળ અવરજવર સુનિશ્ચિત થશે.

સુરતની યુવતી સહિત બે મુસાફર 13 કરોડના ગાંજા સાથે ઝડપાયા

અમદાવાદ એરપોર્ટ પરથી બંનેની ટ્રોલી બેગમાંથી 14 વેક્યુમ સીલ પેકેટમાં 13.012 કિલો ગાંજો મળ્યો



અમદાવાદ : બેંગકોકથી અમદાવાદ આવી રહેલી ફ્લાઇટમાં બે પ્રવાસીની ટ્રોલી બેગમાં છુપાવીને લવાઈ રહેલો આશરે 13 કરોડની કિંમતનો હાઇડ્રોપોનિક ગાંજાનો જથ્થો કસ્ટમ્સ વિભાગે ઝડપી પાડ્યો છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એર ઇન્ટેલિજન્સ યુનિટ (AIU)એ પેસેન્જર પ્રોફાઇલિંગના આધારે બે પ્રવાસીને અટકાવી તેમની બેગની તપાસ કરતાં 14 વેક્યુમ સીલ કરેલા પેકેટમાંથી કુલ 13.012 કિલોગ્રામ હાઇડ્રોપોનિક મારિજુઆના મળી આવ્યું હતું. પ્રાથમિક પરીક્ષણમાં પ્રતિબંધિત માદક પદાર્થ હોવાની પુષ્ટિ થતાં સમગ્ર જથ્થો જપ્ત કરી બંને પ્રવાસીની એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

વિદેશથી ગુજરાતમાં નશીલા પદાર્થો પહોંચાડવાના આ નેટવર્ક પાછળ કોણ છે અને આ જથ્થો કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. બંને પ્રવાસીની ટ્રોલી બેગમાંથી પારદર્શક પોલિથીન પેકેટમાં છુપાવેલા કુલ 14 વેક્યુમ સીલ પેકેટ મળી આવ્યાં હતાં. પેકેટમાં રહેલા પદાર્થનું પ્રાથમિક પરીક્ષણ કરતાં તે ગાંજો હોવાનું જણાયું હતું. તમામ પેકેટમાં રહેલા હાઇડ્રોપોનિક મારિજુઆનાનું કુલ વજન 13.012 કિલોગ્રામ નોંધાયું હતું. જપ્ત કરાયેલા હાઇડ્રોપોનિક ગાંજાની કિંમત આશરે 13 કરોડ હોવાનો અંદાજ છે. આ પ્રકારનો ગાંજો સામાન્ય ગાંજાની સરખામણીએ ઊંચી કિંમત ધરાવતો હોવાનું મનાય છે.

જોકે, કસ્ટમ્સની સત્તાવાર પ્રેસનોટમાં જપ્ત જથ્થાની બજારકિંમતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી; 13 કરોડનો આંકડો ઉપલબ્ધ માહિતીના આધારે અંદાજિત છે. કસ્ટમ્સ વિભાગે એનડીપીએસ એક્ટ, 1985 હેઠળ ગાંજાનો સમગ્ર જથ્થો જપ્ત કરી બંને પ્રવાસીની ધરપકડ કરી છે. હવે આ જથ્થો બેંગકોકથી કોણે મોકલ્યો હતો, ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો અને બંને પ્રવાસીઓની ભૂમિકા શું હતી તે સહિતના મુદ્દે વધુ તપાસ ચાલી રહી છે.

એક્સ-રે સ્કેનિંગમાં શંકાસ્પદ ઈમેજ દેખાઈ

કસ્ટમ્સના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર આજે તા. 1 નવેમ્બર, 2026ના રોજ બેંગકોકથી ફ્લાઇટ નંબર TG-343 મારફતે અમદાવાદ આવેલા બે પ્રવાસીને એર ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ અટકાવ્યા હતા. પેસેન્જર પ્રોફાઇલિંગના આધારે હાથ ધરાયેલી તપાસ દરમિયાન બંનેની ચેક-ઇન ટ્રોલી બેગનું એક્સ-રે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. સ્કેનરમાં શંકાસ્પદ ઈમેજ દેખાતાં અધિકારીઓએ બેગની વિગતવાર તપાસ હાથ ધરી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત આશરે 13 કરોડ.

રૂ.80 હજાર કમિશનની લાલચ આપી યુવતીને સાથે લઈ ગયો

પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, સુરતનો પુરુષ આરોપી ગાંજાની હેરાફેરી માટે કેરિયર તરીકે કામ કરતો હતો. તે સુરતથી યુવતીને સાથે લઈ મુંબઈ પહોંચ્યો હતો અને ત્યાંથી બંને બેંગકોક ગયા હતા. યુવતીને બેંગકોક ફરવા જવાના બહાને સાથે લઈ જવામાં આવી હતી, જેથી બંને સાથે મુસાફરી કરે તો કસ્ટમ અધિકારીઓને શંકા ન જાય. બંનેને આ કામના બદલામાં કુલ રૂ.80 હજાર કમિશન આપવાની લાલચ આપવામાં આવી હતી. આ ઉપરાંત વિમાનની ટિકિટ અને હોટલમાં રહેવાનો ખર્ચ પણ અન્ય લોકો દ્વારા ચૂકવવામાં આવ્યો હતો. બેંગકોકની હોટલમાં બંનેની ટ્રોલી બેગમાં વેક્યુમ પેકિંગ કરેલા 14 પેકેટ ગોઠવી દેવામાં આવ્યા હતા.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ખજોદના હોટફીક્સના...

પડ્યો હતો. જેના કારણે સાઈટની આસપાસનાં ત્રણ કિલોમીટર વિસ્તારોમાં આવેલા ખજોદ સહીતના ગામો ધૂમાડાને કારમે પ્રભાવિત થયા હતા. કાળા ધુમાડાના કારણે ધોળા દિવસે અંધારૂ થવાયુ હતું, સાથે સાથે શહેરનાં પોશ ગણાતા વેસુ વિસ્તારમાં પણ ધૂમાડો ફેલાઈ જતા ત્યા વસવાટ કરતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. છેલ્લા પાંચ માસથી હોટફીક્સ વેસ્ટનો કચરો અને વરાછા-પુણા વિસ્તારમાં રોજ રાતે હોટ ફીક્સના કચરામાં લગાવાતી આગના કારણે મનપાનું તંત્ર બેકફૂટ પર છે ત્યારે હવે ખજોદ ડીસ્પોઝલ સાઈટ પર પણ માત્ર હોટફીક્સના ઢગલાઓમાં જ આગ લાગતા આગ લાગી કે લગાવાઈ તે બાબતે ચર્ચાનો માહોલ જામ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આજે સવારે આશરે 6 વાગ્યાના અરસામાં ખજોદ સ્થિત ડિસ્પોઝલ સાઈટ પર ડમ્પ કરવામાં આવેલા હોટફિક્સ વેસ્ટેજમાં આગ લાગી હતી. સાઈટ પર અંદાજે અડધા કિલોમીટરની રેન્જમાં હોટફિક્સ વેસ્ટેજનો મોટો જથ્થો એકત્રિત કરવામાં આવ્યો હતો. છેક છ વાગ્યા બાદ આગ કાબુમાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી હતી. ખજોદની ડિસ્પોઝલ સાઈટ પર હોટફિક્સ વેસ્ટેજમાં વારંવાર આગ લાગવાની ઘટનાઓ સામે આવતી હોવાથી આ સમસ્યા ફરી ચર્ચામાં આવી છે.

આઠ માસમાં...

જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી. હાલ સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે અને કુલિંગની કામગીરી ચાલી રહી છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના ભાગરૂપે સ્થળ પર ફાયરની ગાડી અને સ્ટાફને સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. આઠ માસ પહેલા પણ ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર મોટી આગ લાગતા લાખો મેટ્રીક ટન કચરો સળગી ગયો હતો. ત્યારે પણ કૌભાંડની આશંકા ઉઠતા તત્કાલીન મનપા કમિશનર નાગરાજને ઉચ્ચ અધિકારીઓની તપાસ કમિટી નીમી હતી જેનો રીપોર્ટ હજુ સુધી આવ્યો જ નથી ત્યારે હવે રવિવારે લાગેલી આગના કારણોની તપાસ માટે વધુ એક કમિટિ નીમી હોવાનું પણ કાર્યપાલક ઇજનેરે જણાવ્યું હતું.

એજન્સીને બ્લેકલીસ્ટ...

પરંતુ સાઇટ પર કચરાના ઢગલા યથાવત્ છે. સાઇટ પર હાલમાં પણ અંદાજિત 10 થી 12 લાખ ટન કચરો પડ્યો હોવાનું જાણવા મળ્યું છે.

હવેથી શાળામાં...

પ્રયાસ કરાયો છે. આ નિયમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન ધોરણ 9 અને 10ની માધ્યમિક તથા ધોરણ 11 અને 12ની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડશે.

રવિ પુષ્ય નક્ષત્રના...

નોંધપાત્ર પ્રમાણમાં નીચે આવતાં ગ્રાહકો માટે ખરીદીની સારી તક ઊભી થઈ હતી. પરિણામે સવારથી જ શહેરના વિવિધ જ્વેલરી શોરૂમમાં ગ્રાહકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી અને દિવસભર ઘરેણાં તેમજ સોનાની લગડીની સારી એવી ખરીદી નોંધાઈ હતી. આગામી લગ્નસરાને ધ્યાનમાં રાખીને અનેક પરિવારોએ પણ આ શુભ અવસરનો લાભ લીધો હતો. જ્વેલર્સના જણાવ્યા અનુસાર આગામી મેરેજ સિઝન માટે ખરીદી કરનારા પરિવારોમાંથી અંદાજે 25થી 30 ટકા ગ્રાહકોએ લગ્નપ્રસંગ માટે જ્વેલરીના ઓર્ડર આપ્યા હતા. સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થતાં લગ્નની ખરીદી અગાઉથી કરી લેવાનું વલણ જોવા મળ્યું હતું. બીજી તરફ, સોના-ચાંદીના ભાવ તેમના અગાઉના હાઇ લેવલથી નીચે આવતાં રોકાણકારોએ પણ રવિ પુષ્ય નક્ષત્રના શુભ દિવસે સોનામાં રોકાણ કરવાની તક ઝડપી હતી. ખરીદીના મિશ્રણમાં અંદાજે 60થી 70 ટકા હિસ્સો સોનાની ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરના જણાવ્યા અનુસાર, રવિ પુષ્ય નક્ષત્રના શુભ દિવસે સુરતના જ્વેલરી બજારમાં સોના-ચાંદીની ખરીદીનો સારો માહોલ રહ્યો હતો. છેલ્લા એક સપ્તાહમાં ભાવમાં થયેલા ઘટાડાનો લાભ લેવા ગ્રાહકોમાં ખાસ ઉત્સુકતા જોવા મળી હતી. એકંદરે, દિવાળી પૂર્વે ભાવમાં આવેલા ઘટાડા અને રવિ પુષ્ય નક્ષત્રના શુભ સંયોગે સુરતના જ્વેલરી બજારને ખરીદીનું મજબૂત પ્રોત્સાહન આપ્યું હતું. ઘરેણાંની ખરીદી, લગ્નસરાના ઓર્ડર અને સોનાની લગડીમાં રોકાણ એમ ત્રણેય ક્ષેત્રે ગ્રાહકોનો સારો પ્રતિસાદ મળતાં જ્વેલર્સમાં પણ આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી હતી.

અનુસંધાન ... પાના પહેલાનું

ભાજપે જ કનોટ...

કહ્યું કે, ઈન્ડિયા ગઠબંધને વિપક્ષી ગઠબંધનની રેલીમાં હાજરી આપનારાઓને અહીંથી ખરીદી કરવા માટે અપીલ કરી હતી, જેથી દુકાનદારોને ફાયદો થઈ શકે. ગાંધીએ કહ્યું, “પરંતુ કનોટ પ્લેસ પહોંચ્યા પછી અમને જાણવા મળ્યું કે ભાજપે બળજબરીપૂર્વક તમામ દુકાનો બંધ કરાવી દીધી છે. દેશ જોઈ રહ્યો છે કે ભાજપ કેવી રીતે દુકાનદારોને નુકસાન પહોંચાડી રહ્યો છે.” શનિવારે રાત્રે ગાંધીએ ઈન્ડિયા ગઠબંધનની માર્ચ અને રેલી માટે રાષ્ટ્રીય રાજધાનીમાં આવી રહેલા લોકોને દિવાળી પહેલા ખરીદી કરવા અને સ્થાનિક વેપારીઓને ટેકો આપવા વિનંતી કરી હતી. ભાજપ અફવાઓ ફેલાવી રહ્યો છે તેમ છતાં વિપક્ષના આ કાર્યક્રમથી વ્યવસાયોને કોઈ નુકસાન થશે નહીં. એક્સ પર પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયો સ્ટેટમેન્ટમાં ગાંધીએ કહ્યું હતું કે, ચૂંટણીમાં કથિત ગેરરીતિઓ સામે ઈન્ડિયા ગઠબંધનની રેલીના સ્થળ રામલીલા મેદાન તરફની માર્ચ માટે રવિવારે લાખો લોકો દિલ્હી આવી રહ્યા છે.

મહાદેવ બેટિંગ...

ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવી છે. સૌરભ ચંદ્રાકર સામે જારી કરવામાં આવેલી રેડ કોર્નર નોટિસના આધારે તેને રોયલ ઓમાન પોલીસ દ્વારા શોધી કાઢીને અટકાયતમાં લેવામાં આવ્યો હતો. મસ્કત તરફથી માહિતી મળ્યા બાદ સીબીઆઈ અને ઈડી દ્વારા આરોપી સામે એકત્ર કરવામાં આવેલા તમામ પુરાવાઓ સાથે ઓમાન સરકારને તાત્કાલિક ઔપચારિક પ્રત્યાર્પણની દરખાસ્તો મોકલવામાં આવી હતી. પ્રવક્તાએ જણાવ્યું કે, “ભારત સરકારની એજન્સીઓ અને ઈન્ટરપોલ નેશનલ સેન્ટ્રલ બ્યુરો સાથેના ગાઢ સંકલનમાં અને ઓમાન સરકારના સક્ષમ સત્તાવાળાઓના સહયોગથી પ્રત્યાર્પણ વિનંતી પર આગળની કામગીરી કરવામાં આવી હતી.” આ પ્રત્યાર્પણ વિદેશથી ભારતીય નાગરિકો સામે સીમાપાર ગુનાહિત સિન્ડિકેટ ચલાવતા ભગોડાઓને પાછા લાવવા અને તેમને ભારતીય કાયદાની યોગ્ય પ્રક્રિયાનો સામનો કરાવવા માટેના ભારતના સતત પ્રયાસોમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

બીજા ક્વાર્ટરમાં...

18,150 કરોડના સંયુક્ત નુકસાનથી બદલાવ છે. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર એકલા ત્રણેય કંપનીઓના સંયુક્ત નાણાકીય વર્ષ 26 (એપ્રિલ 2025 થી માર્ચ 2026 નાણાકીય વર્ષ) ના 77,281 કરોડ રૂપિયાના નફાના લગભગ 39 ટકા જેટલું છે. મે મહિનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રહ્યા અને માર્ચ મહિનાથી સ્થાનિક LPGના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી તેમજ બેન્ચમાર્ક ભાવ અને ઈનપુટ ક્રૂડ ઓઈલના દરમાં વધારો થયો હોવા છતાં, કમાણીમાં વધારો થયો છે. ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગયા મહિના સુધી ત્રણેય કંપનીઓ પેટ્રોલ પર પ્રતિ લિટર 4-5 રૂપિયા અને ડીઝલ પર 18-20 રૂપિયાનું નુકસાન કરી રહી હતી. સપ્ટેમ્બર-ક્વાર્ટરની કમાણીમાં IOCનો હિસ્સો મોટો હતો, જેણે તેનો અત્યાર સુધીનો સૌથી વધુ સ્ટેન્ડઅલોન ત્રિમાસિક ચોખ્ખો નફો રૂ. 21,630 કરોડ નોંધાવ્યો હતો, જે એક વર્ષ અગાઉ નોંધાયેલા રૂ. 7,610 કરોડ કરતા લગભગ ત્રણ ગણો હતો. આ આંકડો કંપનીના નાણાકીય વર્ષ 2026 ના સંપૂર્ણ વર્ષના રૂ. 36,802 કરોડના નફાના લગભગ 59 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. તેનાથી વિપરીત, BPCLનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 22.5 ટકા ઘટીને રૂ. 4,993 કરોડ થયો, જ્યારે HPCLનો નફો 9 ટકા ઘટીને રૂ. 3,483 કરોડ થયો. બંને કંપનીઓએ એક વર્ષ પહેલાના ક્વાર્ટરમાં નોંધપાત્ર રીતે વધુ નફો નોંધાવ્યો હતો. આ કંપનીઓના નફામાં વધારાનું સૌથી મોટું કારણ સુધારેલ રિફાઇનિંગ માર્જિન અને ઈન્વેન્ટરી ગેઈન હતું.

BPCL અને HPCL ના પરિણામોમાં મજબૂત રિફાઇનિંગ વાતાવરણ દેખાયું

સપ્ટેમ્બર ક્વાર્ટરમાં એચપીસીએલે દરેક બેરલ ક્રૂડ ઓઇલને પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણમાં રૂપાંતરિત કરીને USD 32.15 કમાયા, જે એક વર્ષ અગાઉ USD 8.80 પ્રતિ બેરલ ગ્રોસ રિફાઇનિંગ માર્જિન હતું. BPCLનો GRM USD 10.78 થી વધીને USD 32.53 પ્રતિ બેરલ થયો. આ કમાણી પ્રથમ ક્વાર્ટરના મુશ્કેલ સમયની પૃષ્ઠભૂમિ સામે આવી છે, જ્યારે પશ્ચિમ એશિયાના સંઘર્ષ દરમિયાન ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ 100 ડોલરથી ઉપર વધી ગયા હતા અને રિટેલ ઈંધણના ભાવ ધીમા હતા, જેના કારણે ત્રણેય કંપનીઓને ભારે નુકસાન થયું હતું.

ઓક્ટોબરમાં GST...

લાખ કરોડથી વધુ થયું છે, અને આયાતમાંથી થતી આવક ૪૨ ટકા વધીને રૂ. ૭૨,૨૪૬ કરોડ થઈ છે. ડેટા દર્શાવે છે કે રૂ. ૨.૩૧ લાખ કરોડના આ કલેક્શનમાં સેન્ટ્રલ જીએસટી (CGST) રૂ. ૪૨,૯૩૫ કરોડ, સ્ટેટ જીએસટી(SGST) રૂ. ૫૧,૩૪૦ કરોડ અને ઈન્ટિગ્રેટેડ જીએસટી(IGST) રૂ. ૧.૩૭ લાખ કરોડથી વધુનો સમાવેશ થાય છે. ઓક્ટોબરમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ(GST) રિફંડ વાર્ષિક ધોરણે ૬.૫ ટકા વધીને રૂ. ૨૭,૯૩૪ કરોડ થયું છે. રિફંડનું સમાયોજન કર્યા પછી, ઓક્ટોબરમાં નેટ જીએસટી કલેક્શન ૨૯ ટકા વધીને રૂ. ૨.૦૩ લાખ કરોડથી વધુ થયું છે. એપ્રિલ-ઓક્ટોબરમાં, કુલ જીએસટી કલેક્શન ૧૩.૨ ટકા વધીને રૂ. ૧૪.૭૭ લાખ કરોડથી વધુ થયું છે. નેટ કલેક્શન ૧૩ ટકા વધીને રૂ. ૧૨.૯૯ લાખ કરોડથી વધુ થયું છે. ગ્રાન્ટ થોર્ન્ટન ભારતના પાર્ટનર અને ટેક્સ કોન્ટ્રોવર્સી મેનેજમેન્ટ લીડર મનોજ મિશ્રાએ જણાવ્યું હતું કે ઓક્ટોબરનું કલેક્શન તહેવારોની મોસમની માંગ ચક્રને કેપ્ચર કરે છે, જે સામાન્ય રીતે વધુ ગ્રાહક ખર્ચ, રિટેલ પ્રવૃત્તિ અને સમગ્ર ક્ષેત્રોમાં માલની હિલચાલ લાવે છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ સહિતના મહત્વના રાજ્યોમાં દેખાવ પણ મોટા આર્થિક કેન્દ્રોમાં જીએસટી કલેક્શનમાં સતત મજબૂતાઈ દર્શાવે છે.

કોલ ઇન્ડિયાનું...

કર્યું, જે ૧૭.૪ ટકાનો વધારો છે. વેસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (WCL) એ સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી, જેમાં ઉત્પાદન ૬૪.૭ ટકા વધીને ૫.૯ મિલિયન ટન થઈ ગયું. ઇસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (ECL) એ ૪.૬ મિલિયન ટન ઉત્પાદન કર્યું, જે ૨૭.૯ ટકા વધુ છે, જ્યારે સેન્ટ્રલ કોલફિલ્ડ્સ લિમિટેડ (CCL) નું ઉત્પાદન ૨૬.૧ ટકા વધીને ૭.૩ મિલિયન ટન થયું.

સૌથી મોટા વેચાણકર્તા MCL એ ૪.૪૯ મિલિયન ટનની ઓફરમાંથી ૪.૩૧ મિલિયન ટન (૯૬ ટકા) ફાળવ્યું, જ્યારે SECL એ ૨.૯૯ મિલિયન ટનમાંથી ૨.૭૩ મિલિયન ટન (૯૧ ટકા) ફાળવ્યું. ECLનો ફાળવણી દર સૌથી ઓછો ૬૭ ટકા હતો.

મણિપુરમાં લાપતા...

હત્યા કરવામાં આવી હોવાનો આક્ષેપ કરતા આંદોલનકારીઓએ કાંગપોકપી જિલ્લા મુખ્યાલય ખાતે સુરક્ષા દળો સાથે ઘર્ષણ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા દળોએ એસપી કચેરી સામે વિરોધ કરી રહેલા આંદોલનકારીઓ પર લાઠીચાર્જ કર્યો હતો અને ઉશ્કેરાયેલા ટોળાને વિખેરવા માટે અશ્રુગેસનો પણ ઉપયોગ કર્યો હતો. આંદોલનકારીઓએ દાવો કર્યો હતો કે આ ઘટનામાં તેમના કેટલાક લોકોને ઈજાઓ થઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ બંને શબ ગુમ થયેલા કુકી યુવાનોના છે. નાયબ મુખ્યમંત્રી નેમચા કિપગેને બે યુવકોની હત્યાની સખત નિંદા કરી છે. કાંગપોકપી સ્થિત ‘કમિટી ઓન ટ્રાઈબલ યુનિટી’ (COTU) એ આ ઘટનાને લઈને નાગા સમુદાયમાંથી આવતા અન્ય નાયબ મુખ્યમંત્રી લોસી દીખોના રાજીનામાની માંગ કરી છે. તેણે તાપૌ કુકી ગામને સેનાપતિના પોલીસ અધિક્ષકના અધિકારક્ષેત્રમાંથી હટાવીને કાંગપોકપીના એસપીના અધિકારક્ષેત્ર હેઠળ સ્થાનાંતરિત કરવાની પણ માંગ કરી છે. સમિતિએ જણાવ્યું હતું કે જ્યાં સુધી અપરાધીઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી શબને અંતિમ સંસ્કાર માટે ગામમાં લઈ જવામાં આવશે નહીં.

નેપાળમાં નેશનલ...

શે-ફોકસુન્ડો ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૮ના ધૌ વિસ્તારમાં ગયા હતા. ડોલ્પાના મુખ્ય જિલ્લા અધિકારી જુનુ ધાકાલના જણાવ્યા અનુસાર, આ વિસ્તાર ભારે બરફથી છવાયેલો છે. ગ્રામ પંચાયતમાં આવેલું શે-ફોકસુન્ડો તળાવ નેપાળનું સૌથી ઊંડું તળાવ છે. તે ૩,૬૦૦ મીટરની ઊંચાઈએ આવેલું છે અને તેની અંદાજિત ઊંડાઈ ૧૪૫ મીટર છે. ડોલ્પા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જારી કરાયેલી અખબાર યાદી મુજબ, પ્રવાસીઓની ઓળખ મૌમિતા હલ્દર, પિયાલી કોલે, જજલા ત્રિવેદી કુમાર, આદિત્ય સિંઘા, દીપ્લિના બિસ્વાસ અને રાજેશ દે તરીકે થઈ છે. નેપાળના ‘ઓનલાઈનખબર’ ન્યૂઝ પોર્ટલના અહેવાલ મુજબ, સુરખેતમાં તૈનાત નેપાળી સૈન્યના હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાવાને કારણે બચાવ કામગીરીમાં વિલંબ થયો હતો. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે સત્તાવાળા બચાવ કામગીરી માટે વૈકલ્પિક હેલિકોપ્ટરની શોધ કરી રહ્યા છે. સોમવાર સુધી બચાવ કાર્ય મોકૂફ રખાયું હોવાના અહેવાલ મોડેથી મળ્યા હતા.

‘મુરાસુ’ વાવાઝોડાથી...


નહીં રાખવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે રાષ્ટ્રે અગાઉથી જ દક્ષિણ ક્ષેત્રમાં હાઈ એલર્ટ જાહેર કરી દીધું છે, જેમાં ગંજામ જિલ્લો પણ સામેલ છે જે ચક્રવાત ‘અર્ણવ’થી ગંભીર રીતે પ્રભાવિત થયો હતો. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકારે ચક્રવાત ‘મુરાસુ’ ત્રાટકે તે પહેલાં નીચાણવાળા વિસ્તારો અને ડુંગરાળ પ્રદેશોમાંથી લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે. ઓડિશાના સ્પેશિયલ રિલીફ કમિશનર રાજેશ પી. પાટીલે જણાવ્યું હતું કે કામગીરી બે મોરચે ચાલી રહી છે - ચક્રવાત ‘અર્ણવ’ પછી આવેલા પૂરથી પ્રભાવિત લોકો માટે રાહત અને પુનઃસ્થાપનનું કામ તથા આગામી કુદરતી આફત ‘મુરાસુ’ માટેની તૈયારીઓ.

પાકિસ્તાનમાં LPGના...

મળતી હતી, તે હવે વધીને 7000 પાકિસ્તાની રૂપિયા થઈ ગઈ છે. એલપીજીના વધતા ભાવને કારણે સામાન્ય લોકો માટે સસ્તું રસોઈ બળતણ શોધવાનું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે. કેટલાક લોકો હવે લાકડા અને કોલસાનો આશરો લેવાની ફરજ પડી રહ્યા છે.

ઓક્ટોબર 2026 ના અંત સુધીમાં પાકિસ્તાનના ઘણા ભાગોમાં ઘરેલુ ઈંધણની અછત વધુ વણસી ગઈ છે. ઓઇલ એન્ડ ગેસ રેગ્યુલેટરી ઓથોરિટીએ ઓક્ટોબર માટે સત્તાવાર એલપીજી દર લગભગ PKR 279 પ્રતિ કિલોગ્રામ નક્કી કર્યો છે.

પર્વતીય વિસ્તારો અને મુખ્ય શહેરોમાં, તે PKR 500 થી PKR 600 પ્રતિ કિલોગ્રામના ભાવે વેચાઈ રહ્યું છે. રાવલપિંડી અને ઇસ્લામાબાદ જેવા શહેરોમાં, પાઇપલાઇન ગેસ દિવસમાં માત્ર ચારથી છ કલાક માટે ઉપલબ્ધ છે.

હોરર કોમેડી મ્યુઝીકલ ફિલ્મ

નઈ નવેલી
યામી ગૌતમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત એક્શન

જેલર-2
રજનીકાન્ત
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત

જેલર-2
૧૧.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે: ૯.૦૦, ૧૦.૦૦
ઉડતા તીર
૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રે: ૧૦.૧૫

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @: @applecinemasurat
કોમેડી-રોમાન્સ
પહેલા પ્યાર દુસરી બાર
૯.૨૫, ૧૧.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૩૦, ૬.૪૫, રાત્રે: ૧૦.૩૦
દ્રશ્યમ- 3
અજય દેવગન, તબ્બુ
૯.૧૦, ૧૧.૫૦, ૧.૦૦, ૨.૩૦, ૫.૧૦, ૭.૨૦, રાત્રે: ૮.૩૦, ૧૦.૦૦
ગુજરાતી ફેમિલી ફિલ્મ
મિત્રતા
૯.૨૦, ૫.૧૫, ૭.૫૦
ડમરુ
(ગુજરાતી) ૯.૦૫, ૫.૦૦
એક્શન સુપરહીટ ફિલ્મ
જેલર-2
રજનીકાંત
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૩.૪૫, ૬.૦૦, ૭.૩૦, રાત્રે: ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦
ફેમિલી ફિલ્મ (હિન્દી)
હનુમાન અંશ
૧૨.૦૦, ૨.૨૦, ૭.૫૦
ઉડતા તીર
આયુષ્યમાન ખુરાના, સારા અલી ખાન
૯.૦૫, ૧૦.૩૦, ૧૧.૩૫, ૨.૦૦, ૩.૩૫, ૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે: ૯.૩૦
લવ સ્ટોરી અભિમન્યુ કી
(હિન્દી): ૧૨.૦૦